ગાંધીનગર સમાચાર

સે-૧૭માં લાયબ્રેરી આગળની સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી હાલાકી

## @ગાંધીનગર

● સેકટર-૭ ખાતે ગૃહ ચૈત્યની બાવીસમી સાલગીરા નિમિત્તે આચાર્ય ભગવત અરૂણોદય સાગર સુરીશ્વર મ.સા. તથા સાધ્વીજી ભગવંત રાજયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સવારે ૯ કલાકે ૧૮ અભિષેક યોજાશે. ઉપરાંત તપોવન પાઠશાળા દ્વારા વિધિસરનો કાર્યક્રમ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ દ્વારા સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ૨૦૫ આનંદનગર, સેકટર-૨૭ ખાતે સ્વામી પ્રેમાનંદજી સરસ્વતી દ્વારા સત્સંગનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત-અભિનિત નાટક 'ગુજ્જુભાઈ બન્યા દબંગ' પ્રસ્તુત કરાશે.

- નજાહખાનમ સૈયદ

# નગરની ફુટપાથો ગંદકીથી ખદબદી

## રેઢી પડી રહેતી કચરાપેટીને ગાયો નીચે પાડે છે, જેનો કચરો ફુટપાથ ઉપર વેરણ છેરણ બને છે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર સ્માર્ટ સીટીનો દરજ્જો પ્રાપ્ત કરવા કમર કસી રહ્યું છે ત્યારે નગરમાંથી ગંદકીનું સામ્રાજય દુર થવાનું નામ જ લેતું નથી. નગર સ્વચ્છ અને સુંદર બને તેવા પ્રયાસોના ભાગરૂપે ફુટપાથો ઉપર કચરાપેટીઓ મુકવામાં આવી છે પરંતુ આ કચરાપેટીઓ જ ગંદકીનું ઉદગમ બિંદુ બની છે. રખડતી ગાયો કચરાપેટીમાં ખોરાક અર્થે મોં નાંખીને નીચે પાડી દે છે જેથી કચરાપેટીઓમાં રહેલો સુકો, ભીનો અને અન્ય કચરો ફુટપાથ ઉપર વેરણ છેરણ બની ગંદકીનું સામ્રાજય ઉભું કરે છે. જેથી આ સમસ્યાનું નિરાકરણ થાય તેવી માંગ ઉભી થઈ છે.

પાટનગરની કાયાપલટ માટે સ્માર્ટસીટીનું બિરૂદ અનિવાર્ય બન્યું છે અને તે માટે તંત્ર એ વિવિધ ક્ષેત્રમાં નવીનીકરણ શરૂ પણ કરી દીધું છે. છતાં તમામ બાબતોથી પર એવી ગંદકી એ વિકરાળ સમસ્યા બનીને તંત્ર સમક્ષ ઉભી છે જેનો ચોકકસ કોઈ જ ઉપાય શકય બનતો નથી. જેમાં વળી સમગ્ર નગરમાં ઠેર ઠેર કચરાપેટીઓ મુકી કચરો એકઠો કરવાનો તંત્રનો શ્રેષ્ઠ પ્રયાસ છે. પરંતુ રેઢી પડી રહેતી આ



કચરાપેટીમાંથી ખોરાક મેળવવા રખડતી ગાયો તેને નીચે પાડી દઈ રફે દફે કરી નાખે છે તેમજ આ કચરાપેટી ફુટપાથો ઉપર હોવાથી કચરો ફુટપાથ ઉપર વેરણ છેરણ બની ગંદકીનો ઢગ બને છે અને પસાર થતાં રાહદારીઓ આ દશ્ય જોઈ મોં મચકોડી રહ્યા છે.

મોટી રકમનો ખર્ચ કરી ગંદકીને દુર કરવાના તંત્રના પ્રયાસોમાં નગરજનોની ભાગીદારી અનિવાર્ય બની હોય તેવું હાલ ફુટપાથો ઉપર સર્જાયેલ ગંદકીના સામ્રાજયથી લાગી રહ્યું છે. રખડતી ગાયોના માલિકોએ પોતાના પાલ્ય પશુનું ભરણપોષણ પોતાના રહેઠાણ સ્થળે જ કરવું જોઈએ તેમજ આવી ગાયો કચરાપેટી તરફ જતાં નગરજનોએ હાંકવી જઈએ અને તંત્રએ સમયસર આ કચરાપેટીમાંથી કચરો ઉપાડી લેવો જોઈએ તેવા વિકલ્પો નગરજનો સુચવી રહ્યા છે. વધુમાં આવી કચરાપેટીઓની વ્યવસ્થા માર્ગ ઉપર જ થાંભલો રોપી ઉંચે લટકાવીને થઈ શકવાનું સુચન પણ નગરજનો કરી રહ્યા છે. સુંદર, સ્વચ્છ અને રળીયામણા ગાંધીનગર માટે તંત્ર એ કડક પગલાં પણ ભરતાં અચકાવું ન જોઈએ તેમ પણ નગરજનો ઈચ્છી રહ્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## વાતવાતમાં

● લો વધુ એક પાનનો ગલ્લો ચોરીનો શિકાર બન્યો. ઘ-૨ પાસેના એક પાનના ગલ્લેથી અંદાજે રૂપિયા ૧૨૦૦નો માલ ભરેલો થેલો એક ઉઠાઉગીર ઉઠાવી જતા ગલ્લાધારક ભારે નિરાશ થઈ જવા પામ્યો હતો.

● સોમવારે સવારના પ્હોરમાં જ સે-૩-એ ન્યુમાં બે પાડોશીઓ એવા બાખડયા હતા કે મોટી સંખ્યામાં આસપાસના રહીશો એકઠા થઈ જવા પામ્યા હતા. જો કે બંને પાડોશીઓના તેવર જોઈ કોઈ પણ રહીશે મધ્યસ્થી બનવાનું જોખમ ખેડયું નહોતું.

● શહેરના વીઆઈપી રોડ તરીકે ઓળખાતા જ માર્ગ પર એક પૂરપાટ વેગે દોડતી કાર રોડ સાઈડમાં ઉતરી જવા પામી હતી. આમ પણ આ માર્ગે ટ્રાફિક ઓછો હોવાના કારણે ઘણા વાહનચાલકો પોતાની કે વાહનની ક્ષમતા કરતા વધુ ઝડપ પકડી લે છે પછી માઠા પરિણામો ભોગવે છે.

● ગાંધીનગરમાં લગ્ન સમારંભોની વણઝાર લાગી છે જેના કારણે અનેક જગ્યાએ રાત્રે રાસ ગરબાના ઢોલ ઢબૂકતા સંભળાય છે જો કે લગભગ દસ સાડા દસે પોલીસ આવી ગરબા બંધ કરાવી દે છે તેના કારણે નગરજનોમાં નારાજગીનો સૂર પણ જોવા મળી રહ્યો છે.

● કલ્પતરૂ કંપનીમાં મેનેજરનો હોદ્દો ધરાવતા તથા ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ સંજય થોરાત તથાતેમની બે દિકરીઓ રિધ્ધી અને અનન્યા એમ ત્રણેયનો જન્મ દિવસ એક સાથે મંગળવારે છે. ત્રણેય પોતાનો જન્મ દિવસ 'માનવ સ્મૃતિ' સ્કૂલના માનસિક રીતે વિશિષ્ટ બાળકો સાથે મળી વિશિષ્ટ રીતે ઉજવવાના છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# સે-૧૭માં લાયબ્રેરી આગળની સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી હાલાકી

## વાંચન માટે આવતા યુવાનો-યુવતિઓ-બાળકો તથા વડીલો માટે મુશ્કેલી : અંધકારમાં ભયનું સામ્રાજય : સ્કૂટર કે સાયકલ પણ શોધી શકાતી નથી : અનિચ્છનીય બનાવ બને તે પહેલા સત્વરે લાઈટો ચાલુ કરવા માંગ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં ટોરેન્ટ પાવર કંપની દ્વારા સ્ટ્રીટ લાઈટોની નિયમન વ્યવસ્થામાં ઘણા સમયથી લાલિયાવાડી ચાલી રહેલી જોવા મળે છે. કેટલાક નવા સેકટરોમાં તાજેતરમાં સ્ટ્રીટ લાઈટો દિવસો સુધી બંધ રહી હોવાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં સે-૧૭માં લાયબ્રેરીની આગળ સાતેક વીજપોલ પર લાઈટો બંધ હોવાની રાવ ઉઠવા પામી છે.

સે-૧૭માં ટાઉનહોલ પાસે નગરનું મધ્યસ્થ ગ્રંથાલય આવેલું છે. આ ગ્રંથાલયમાં શહેરના અસંખ્ય યુવાન, યુવતિએ, બાળકો તથા મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો વાંચન પ્રવૃત્તિ માટે નિયમિત જાય છે. આ ગ્રંથાલયમાં વિદ્યાર્થી માટે પરીક્ષાલક્ષી વાંચન કરવા માટે ખાસ સગવડ કરવામાં આવેલી હોવાથી ગાંધીનગરના મોટા ભાગના વિદ્યાર્થીઓ તથા બહારગામથી આવેલા વિદ્યાર્થીઓ વિવિધ એકેડેમિક તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે શાંતિથી વાંચન કરવા નિયમિત આવે છે અને મોડે સુધી વાંચન કરતા હોય છે. તેઓ પોતાના વાંચનમાં ખલેલ ના પડે તે માટે લાયબ્રેરીમાં વાંચવા તો આવે છે પરંતુ હાલ શિયાળાનો સમય હોઈ સાંજે ૬ વાગ્યાની આસપાસ અંધારું થઈ જાય છે તે પછી ઘરે પરત ફરતી વખતે લાયબ્રેરીની બહારની સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અંધકારના સામ્રાજયમાં તેમને પોતાની સાયકલ કે સ્કૂટર શોધવામાં પણ તકલીફ પડે છે. વળી આ સમયે ચોતરફ સુનકાર હોવાથી આ યુવાનો જેમાં ખાસ કરીને કિશોર વયના બાળકો અને યુવતિઓ માટે ભયની પરસ્થિતિ પેદા થાય છે.

છેલ્લા ઘણા દિવસોથી લાયબ્રેરીની બહાર જ સાતથી આઠ વીજપોલ પરની સ્ટ્રીટલાઈટો ગુલ હોવાથી આ પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ટોરેન્ટ પાવર દ્વારા સત્વરે આ સ્ટ્રીટલાઈટોનું સમારકામ હાથ ધરી જેમ બને તેમ જલ્દીથી ચાલુ કરી દેવાય તેવી આ યુવાનો તથા વરિષ્ઠ વયના વાચકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ડુપ્લીકેટ ચાવીથી વાહનચોરી કરતા બે રીઢા વાહનચોરો આખરે ઝબ્બે

## ગાંધીનગર શહેર તથા આસપાસના ૨૫ વાહનચોરીના ભેદ ઉકેલાયા ૧૪ વાહનો તથા ત્રણ એકટીવાના સ્પેર પાર્ટસ રીકવર કર્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના ચિંતાજનક વધારાને જોઈને જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે વાહનચોરીઓ અટકાવવા તથા આરોપીઓ શોધવા એલસીબીને સુચના આપી હતી. જેને આધારે એલસીબી પીઆઈ આશુતોષ પરમાર તથા ટીમે બાતમીદારો સક્રિય કરી વાહનચોરો પકડવા મહેનત શરુ કરી હતી. દરમિયાન આજે ચોકકસ બાતમીને આધારે બે રીઢા વાહનચોરો પકડી પાડવામાં એલસીબીને સફળતા મળી છે.

એએસઆઈ કિરણસિંહને બાતમી મળી હતી કે બે રીઢા વાહનચોરો સફેદ રંગના નંબર વગરના એકટીવા ઉપર પેથાપુરથી ગાંધીનગર સે-૨૮ તરફ આવી રહ્યા છે જેને આધારે એલસીબીની ટીમ ઘ-૭ સર્કલ પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી એકટીવા સાથે બે શખ્સો નીકળતા તેમને ઉભા



રાખી વાહનના કાગળ માંગ્યા પરંતુ કાગળો ન હોવાનું જણાવતા એલસીબી કચેરી લઈ જઈ કડક પુછપરછ કરતા એકટીવા ચોરીનું હોવાનું જાણવા મળ્યું હતું. ઊંડાણપૂર્વક કરેલી પુછતાછમાં એક-બે નહી પરંતુ સંખ્યાબંધ વાહનોની ચોરીના ભેદ ઉકેલાયા છે. ડુપ્લીકેટ ચાવીથી વાહનોના લોક ખોલીને તથા જે વાહનોમાં ચાવી ભરાવેલી હોય તેવા વાહનોની મોજશોખ માટે ચોરીઓ કરી કાગળો વગર કોઈને આપી દેતા અથવા પાર્કીંગમાં મુકી દેતા હોવાનું બહાર આવ્યું છે. તો કેટલાક વાહનોના સ્પેર પાર્ટસ કાઢીને વેચી મારતા હોવાનું તપાસમાં ખુલ્યું છે. બંને શખ્સોએ ચોરી કરેલા વાહનો પૈકી ૧૪ એકટીવા તથા બાઈક અને મોબાઈલ ઉપરાંત ત્રણ એકટીવાના સ્પેરપાર્ટસ પોલીસે રીકવર કર્યા છે તેમજ ચોરી કરીને બિનવારસી મુકી દીધેલા ૧૬ વાહનોની પણ ઓળખ થઈ છે. પોલીસે ૨૫ જેટલા ગુનાના ભેદ ઉકેલીને રૂ. ૫,૧૧,૦૦૦નો મુદ્દામાલ રીકવર કરીને પેથાપુર ગામના બંને શખ્સો વિજય ભરત વાઘેલા અને મહેશ ઉર્ફે અનીલ છના ઠાકોરની ધરપકડ કરી ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

### રિક્ષા ગેંગના બે વોન્ટેડ સાગરીતો ઝડપાયા

એલસીબીની ટીમને બાતમી મળી હતી કે રિક્ષા ગેંગના બે વોન્ટેડ સાગરીતો ભાવનગર જિલ્લાના પાલીતાણા વિસ્તારમાં વસી રહ્યા છે. જેને આધારે પાલીતાણા જઈ ગાંધીનગર એલસીબીની ટીમે અડાલજ વિસ્તારમાં એક મહિના અગાઉ રીક્ષામાં મુસાફરને બેસાડીને નજર ચુકવી રોકડ તથા મોબાઈલની ચોરી કરનાર મનુ ઉર્ફે મુન્નો ચીથર ડાભી અને બાબુ બાવભાઈ રાજકોટીયાની ધરપકડ કરી સઘન તપાસ શરુ કરી છે.

# સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે નિ:શુલ્ક મેડીકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૭

સેકટર-૨૩, સ્વામિનારાયણ મંદિર દ્વારા આગામી તા. ૨૩મી ડિસેમ્બરને બુધવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે વિના મુલ્યે મેડીકલ નિદાન કેમ્પનુંઆયોજન કરવામાંઆવ્યું છે. આ કેમ્પમાં સુગર અને બ્લડ પ્રેશર, બી.એમ.આઈ., સાંધાના દુખાવાની તપાસ કરી યોગ્ય સલાહ, સારવાર તેમજ દવાઓ આપવામાં આવશે.

સ્વામી હરિકેશદાસજીની પ્રેરણાથી ભગવદ્કૃપા પર્વ પ્રસંગે કેમ્પનું આયોજન કરાયુંછે. આ કેમ્પમાં સુગર અને બ્લડપ્રેશરનુંનિદાન અને સારવાર ડૉ. ખિલન મણીયાર દ્વારા કરવામાં આવશે. શારીરિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી એવા ઓટોમેટીક મશીન દ્વારા બી.એમ.આઈ.નું મૂલ્યાંકન ડૉ. સંજય પટોલિયા અને તેમની ટીમ કરશે. આ કેમ્પમાં નિષ્ણાંત આયુર્વેદિક ડૉકટર દ્વારા ઢીંચણ, કમર તથા ખભાની તપાસ કરી જરૂરી સલાહ અને આયુર્વેદીક અગ્નિકર્મ સારવાર કરી આપવામાં આવશે. સાંધાના દુ:ખાવાના નિષ્ણાત ડૉ. વૈદ્ય હિતેષ ચૌહાણ, હાર્દિક દરજી, ક્રિષ્ણા પટેલ આ કેમ્પમાં સેવાઓ આપશે. આ મેડીકલ સેવા કેમ્પનો લાભ લેવા ઈચ્છતા હોય તેવા તમામ નગરજનોઓ એ તા. ૧૫મી ડિસેમ્બર સુધીમાં સ્લીપ ભરી મંદિર ખાતે જમા કરાવવાની રહેશે.

# સેકટરના આંતરિક રસ્તા અને કોમન પ્લોટની સફાઈ કરવા માંગ

ગાંધીનગર, તા.૭

સેકટર-૭/ડી નિવૃત્ત અધિકારી મંડળ દ્વારા સેકટરોના આંતરિક રસ્તા તેમજ કોમન પ્લોટની સફાઈ તરફ તંત્ર ધ્યાન આપે તેવી રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત વન વિભાગની ફેન્સીંગમાં મુકવામાં આવેલ બાંકડાઓ દૂર કરવા પણ મંડળે રજુઆત કરી છે.

સેકટર-૭/ડી નિવૃત્ત અધિકારી મંડળના કાર્યકારી પ્રમુખ એસ.એમ. શાહના જણાવ્યા મુજબ મંડળની દ્વિમાસિક બેઠક દરમિયાન ઉપસ્થિત આગેવાનો દ્વારા સ્માર્ટ સીટી અંગે કરેલા સુચનો સંદર્ભે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં મહાનગરપાલિકા દ્વારા સેકટરોના આંતરિક રસ્તાઓ અને ખુલ્લા પ્લોટની સફાઈ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી જયારે વનવિભાગ દ્વારા જાહેર રસ્તાની આસપાસ કરવામાં આવેલ ફેન્સીંગમાં લાંબા સમયથી બાંકડાઓ બિન ઉપયોગી હાલતમાં જોવા મળી રહ્યા છે. આ બાંકડાઓને આમ નાગરિકો ઉપયોગ કરી શકે તે મુજબ યોગ્ય સ્થળે મુકવા જણાવાયું હતું. વધુમાં કેન્દ્રીય સાતમા પગાર પંચે પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યો છે. જેમાં દસ વર્ષના અંતે આશરે ૨૪ ટકા જેટલો વધારો આપવા ભલામણ કરવામાં આવી છે. પગાર પેન્શન સહિતના ભથ્થા વધારાની આ ભલામણને આ મંડળે આવકારી રાજય સરકાર પણ કર્મચારીઓ અને પેન્શનરોને સત્વરે લાભ મળી રહે તેવી કાર્યવાહી કરશે તેવી લાગણી વ્યકત કરી હતી. બેઠક દરમિયાન સદગત હર્ષદભાઈ એચ. જોષીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

# દારૂ-બિયર ભરેલી એસ્ટીમ ગાડી સાથે બે શખ્સો ઝડપાયા

## કોમ્બીંગ નાઈટમાં ઈન્ફોસીટી પોલીસે ઈન્દ્રોડા ગામમાંથી રૂ. ૧.૩૧ લાખના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી : બે શખ્સો વોન્ટેડ

ગાંધીનગર, તા.૭

ઈન્ફોસીટી પોલીસે કોમ્બીંગ નાઈટ દરમિયાન ઈન્દ્રોડા ગામમાંથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી એસ્ટીમ કાર સાથે બે શખ્સોને પકડી પાડયા હતા. ૧૬૮ નંગ બિયરના ટીન તથા ૩૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી કુલ રૂ. ૧.૩૧ લાખના મુદ્દામાલ સાથે વાવોલના બે શખ્સોની પોલીસે ધરપકડ કરી લીધી છે જયારે બે શખ્સો હજુ ફરાર છે. ઈન્ફોસીટી પોલીસે ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

ઈન્ફોસીટી પી.આઈ. પી.બી. ચૌહાણ તથા તેમની ટીમે બાતમીના આધારે કોમ્બીંગ નાઈટ દરમિયાન ઈન્દ્રોડા ગામમાંથી દારૂ-બિયર ભરેલી એસ્ટીમ ગાડી પકડી પાડી હતી. વાવોલના દરબાર વાસમાં રહેતા જગતસિંહ બાલુસિંહ ગોલ અને વાવોલ પટેલ વાસના મુયર રામભાઈ પટેલ બંને શખ્સોને દારૂ-બિયર ભરેલી એસ્ટીમ ગાડી નં. જીજે ૧ એસ.એ. ૧૭૮૨ સાથે દબોચી લીધા હતા. ગાડીમાંથી ૧૬૮ નંગ બિયરના ટીન (કિંમત રૂ. ૧૬૮૦૦) તથા વિદેશી દારૂની ૩૬ બોટલ (કિંમત રૂ. ૧૦,૮૦૦) નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ-બિયર તથા ગાડી અને ત્રણ મોબાઈલો મળી કુલ રૂ. ૧,૩૧,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જયારે આ ગુનામાં ઈન્દ્રોડા ગામના વાણીયા વાસનાં કમલેશ ચતુર ઠાકોર અને ઉવારસદનાં સુરેશ ઠાકોર હજુ ફરાર છે.

# વૃક્ષો વાવવા છેક ઓરિસ્સાથી ગાંધીનગર આવ્યાં...!!

## જગન્નાથપુરી ખાતે રહેતા સત્યનારાયણ દાસ પર્યાવરણ જાળવણી અંગે જાગૃતિ ફેલાય તે હેતુથી વૃક્ષારોપણ કરવા ગાંધીનગર આવ્યાં : અમદાવાદ જગન્નાથજી મંદિર તથા ગાંધીનગરના અખબારભવન ખાતે વૃક્ષો વાવ્યાં : અત્યાર સુધીમાં ૧૦ રાજયોમાં જઈ વૃક્ષો વાવી ચૂકયા છે : દેશના દરેક રાજયોમાં જઈ વૃક્ષારોપણ કરવાની નેમ

ગાંધીનગર, તા. ૭

રામાયણ કાળમાં રામસેતુ નિર્માણ વખતે એક ચકલી તેની ચાંચમાં કાંકરીઓ ભરી સેતુ બાંધવા માટે નાંખતી હતી ત્યારે કોઈએ એને પુછયું કે ચકીબેન તમારી આ કાંકરીઓથી પુલનું નિર્માણ થોડું થશે? ત્યારે ચકલીએ જવાબ આપ્યો હતો કે મને ખબર છે કે મારી આ કાંકરીઓથી પુલનું નિર્માણ નહીં થાય, પરંતુ જયારે ઈતિહાસ લખાશે ત્યારે મારું નામ માત્ર જોઈને બેસનારામાં નહી પરંતુ પ્રયત્ન કરનારાઓમાં લેવાશે. ગાંધીનગરમાં છેક ઓરિસ્સાથી આવા જ એક સેવા ભેખધારી પધાર્યા છે. જે પર્યાવરણને બચાવવા પોતાનો નાનકડો છતાં વિરાટ ફાળો આપી રહ્યા છે. તેમના આ પ્રયાસને સમજીએ તો તુરંત જ તેમને સલામ કરવાનું મન થાય.

ભારત દેશમાં અનેક મનમોજી અને ધૂની પ્રકારના નાગરિકો વસે છે જેમાંના કેટલાક આ દેશને એટલો પ્રેમ કરે છે કે પોતાના ઘર-સંસાર, વ્યવસાય વગેરે તમામ ચીજોને એક તરફ રાખી રાષ્ટ્રના હિત માટે જાત ઘસી નાંખે છે. ઓરિસ્સાના વિશ્વ વિખ્યાત યાત્રાધામ જગન્નાથધામ પુરી ખાતે રહેતા સત્યનારાયણ દાસને કંઈક આવી જ ધૂન છે. એમને ધૂન છે પર્યાવરણને બચાવવાની અને તે માટે તેઓએ છેલ્લાં ચારેક વર્ષથી પેલી ચકલી જેવો પ્રયાસ હાથ ધર્યો છે. વ્યવસાયે છે



ઓટોમોબાઈલ એન્જીનીયર એવા સત્યનારાયણ વખતોવખત સમય કાઢીને ભારતના કોઈ પણ એક રાજયમાં જઈ વૃક્ષારોપણ કરી આવે છે. તેઓએ પોતાના ઘરની આસપાસની જમીનમાં એક નાની નર્સરી જેવું બનાવ્યું છે. દર બે ચાર મહિને તેમાંથી ૨૦થી ૨૫ વૃક્ષના છોડ લઈ ગમે તે એક રાજયમાં જાય છે અને ત્યાં જ આ વૃક્ષો વાવી પર્યાવરણનો સંદેશ પાઠવે છે. અત્યાર સુધીમાં દેશના આસામ, આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, દિલ્હી, કર્ણાટક, યુપી અને પશ્ચિમ બંગાળ જેવા ૧૦ રાજયોમાં જઈ વૃક્ષો વાવી ચુકયા છે. હાલ તેઓ ગુજરાત આવેલા છે અને અમદાવાદના જગન્નાથ મંદિર, નકળંગ આશ્રમ તથા ગાંધીનગરના અખબાર ભવન ખાતે તેમણે વૃક્ષો વાવ્યાં છે. તેઓ પોતાની સાથે બદામ, ચંદન, કડી પત્તા, સુકુન્દરાજ, સ્વર્ણ ચંપા, કદમ વગેરે જેવા વૃક્ષોના છોડ લેતા આવે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે તેઓ પોતાના આ કાર્ય માટે કોઈ આર્થિક મદદ સ્વીકારતા નથી બલ્કે પોતાના ખિસ્સાના ખર્ચે પ્રવાસ કરી વૃક્ષો વાવે છે. તેમની નેમ દેશના તમામ રાજયોમાં જઈ વૃક્ષો વાવવાની છે. વધુ નવાઈ પમાડે એવી વાત તો એ છે કે તેમના ઘરમાં માતા, પત્નિ અને પુત્રી છે જેમને આ સેવા કાર્ય માટે સત્યનારાયણ ધંધો-વ્યવસાય બગાડીને ફરે તે પસંદ ના હોવાથી વ્યવસાયિક કામના બહાને તેઓ વૃક્ષારોપણ કરવા નીકળી પડે છે જેની પરિવારને જાણ હોતી નથી. પુરીધામ ખાતે જગન્નાથ મંદિરની નજીક જ રહેતા સત્યનારાયણ રોજના ૩ કલાક મંદિરમાં ગાળે છે અને તેમના પર આધ્યાત્મની ઉંડી અસર જોવા મળે છે. તેઓ ખુબ જ શાંત ચિત્તે આત્મ વિશ્વાસથી પોતાનું કાર્ય કરે છે. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં સત્યનારાયણે જણાવ્યું કે તેમના આ પ્રયત્નથી દેશના નાગરિકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવશે અને ધીમે ધીમે બધા વૃક્ષોનું મહત્વ સમજશે. વૃક્ષો વાવવાથી પર્યાવરણનું શુધ્ધીકરણ થશે અને ભારતવાસીઓનું સ્વાસ્થ્ય પણ સુધરશે. ઘરેલું કૃષિ ક્ષેત્રે વિકાસ લાવવા માંગતા સત્યનારાયણને વિશ્વાસ છે કે વૃક્ષારોપણ થકી દેશમાં એકતા પણ આવશે.

દરેક વ્યકિતએ પોતાની દિવસની માત્ર એક મિનિટ વૃક્ષની સુરક્ષા માટે આપવી જોઈએ અને તેમજ દરેક વર્ષમાં એક વૃક્ષ જરૂર વાવવું જોઈએ. જો વધુને વધુ નાગરિકો વૃક્ષારોપણની પ્રવૃત્તિથી જોડાશે તો જરૂર દેશમાં પરિવર્તન આવશે તેવા વિશ્વાસ સાથે સત્યનારાયણે જણાવ્યુંહતું કે તેઓ અગાઉ પણ ગાંધીનગર આવી ચુકયાં છે તે સમયે તેમણે સચિવાલયમાં તુલસીના બીજનું મફત વિતરણ કર્યુંહતું. પોતે વાવેલા વૃક્ષની સ્થિતિ જાણવા તેઓ બે વર્ષે ફરી આવવાના છે ત્યાં સુધી ગાંધીનગરના નગરજનો તેમના વાવેલા વૃક્ષોની સાર સંભાળ રાખે તેવી તેમની ઈચ્છા છે. ખરખર તો માત્ર વૃક્ષારોપણ કરવા કોઈ પોતાના ગાંઠના ખર્ચે આટલે દૂર આવે તેજ બહુ મોટી વાત છે.

(તસવીર : સમીર રામી)

# અમદાવાદ ખાતે ગુજરાત વણકર સેવા સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ દ્વારા ૨૦મા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છતા વણકર સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓએ નિયત નમુનાના ફોર્મ તેમજ જરૂરી વિગતો આગામી તા. ૧૫ ડિસેમ્બર સુધી અમદાવાદના લગ્ન બ્યુરોના પ્રતિનિધિને મોકલવાના રહેશે. તેમજ તા. ૩૦ નવેમ્બર સુધીમાં જે ઉમેદવારોએ ફોર્મ અને નાણાંનું ચુકવણું કર્યું છે તે અંગેની પહોંચ સત્વરે મેળવવાની રહેશે. આ ઉપરાંત ગુજરાત વણકર સમાજ પસંદગી મેળા અંગેની વધુ માહિતી મેળવવા માટે સે-૭-બી પ્લોટ નં. ૫૪૦/૨, ડી.એમ. પરમાર, સે-૨૭-ગાયત્રી સોસાયટી-પ્લોટ નં. ૪૪૭ના કાન્તાબેન ડોડિયા તેમજ સે-૨-સી-પ્લોટ નં. ૭૯૫/૧ના ચંપાબેન વાઘેલાનો સંપર્ક સાધવાનો રહેશે.

## ચિરવિદાય

- સ્વ. પંછીબેન રમણજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. દશરથભાઈ ગોરધનદાસ જોશી, ઉ.વ. ૭૭
- સ્વ. પોપટભાઈ રુખડભાઈ ભરવાડ, ઉ.વ. ૯૫